**આકાશવાણી ભુજ**

**સમાચાર વાચક : નેહલ ઠક્કર**

**ડીઇઓ : પ્રદીપ ચાવડા**

**તારીખ : 05-10-2023** **સમય : સાંજે 6.25 વાગ્યે**

---

## વૈશ્વિક રોકાણકાર પરિષદ

વાયબ્રન્ટ ગુજરાત વૈશ્વિક રોકાણકાર પરિષદને 20 વર્ષ પૂર્ણ થયા છે એ નિમિત્તે યોજાઇ રહેલા વિવિધ કાર્યક્રમો અંતર્ગત આવતીકાલે દિલ્હીમાં ખાસ કર્ટેન રેઇઝર કાર્યક્રમનું આયોજન કરાશે.

કાર્યક્રમની શરૂઆતમાં દ્રશ્ય- શ્રાવ્ય ફિલ્મ દ્વારા માહિતી અપાશે તેમજ ગુજરાતના ખાણ અને ઉદ્યોગ વિભાગના સચિવ એસ.જે. હૈદર વાયબ્રન્ટ ગુજરાત પરિષદ અંગે પ્રેન્ઝન્ટેશન આપશે. ત્યારબાદ અગ્રણી ઉદ્યોગપતિઓ ગુજરાતમાં તેમના અનુભવો અંગે વાત કરશે અને મુખ્યમંત્રી ભૂપેન્દ્ર પટેલ મુખ્ય સંબોધન કરશે. આવતીકાલે સાંજે મિશનના વડાઓ સાથે વાર્તાલાપનો કાર્યક્રમ યોજાશે, જેમાં કેન્દ્રિય વિદેશમંત્રી એસ. જયશંકર સંબોધન કરશે.

**RNU અમદાવાદ**

---

## રાજ્ય-મોબાઇલ પશુ દવાખાના

રાજ્ય સરકારે “10 ગામ દીઠ એક મોબાઈલ પશુ દવાખાના” ની યોજના અંતર્ગત ચાલુ વર્ષે EMRI-GHS મારફતે 250 નવા ફરતા પશુ દવાખાના શરૂ કરવાનો નિર્ણય લીધો છે.

પશુપાલન મંત્રી રાઘવજી પટેલે આ અંગે માહિતી આપતા જણાવ્યું હતું કે, 200 નવીન ફરતા પશુ દવાખાના બિન-આદિજાતિ વિસ્તારમાં અને 50 નવીન ફરતા પશુ દવાખાના આદિજાતિ વિસ્તારમાં શરૂ કરવામાં આવશે. જેના માટે કુલ 17 કરોડ 75 લાખ રૂપિયા મંજૂર કરવામાં આવ્યા છે. તેમણે વધુમાં કહ્યું કે, હાલમાં ગુજરાતમાં કાર્યરત 460 મોબાઈલ પશુ દવાખાના થકી અત્યારે 5 હજાર 300થી વધુ ગામના પશુઓને વિનામૂલ્યે સારવાર સેવાઓ પૂરી પાડવામાં આવી રહી છે.

**RNU અમદાવાદ**

------------------------------------------------------------------

## રિજનલ સાયન્સ સેન્ટર-ઇન્ટરએક્ટિવ સેશન

રિજનલ સાયન્સ સેન્ટર – ભુજ ખાતે આગામી તારીખ ૭ ઓક્ટોબરના રોજ SAC -ISROના વૈજ્ઞાનિકો સાથે ઇન્ટરેકટીવ સેશનનું આયોજન કરવામાં આવ્યું છે. જેનો મુખ્ય હેતુ સ્પેસ ટેક્નોલોજી, સંશોધન અને તેની તકનીકી બાબતો અંગે યુવા પેઢીમાં જાગૃતિ લાવવા તથા અવકાશ વિજ્ઞાન ક્ષેત્રે વિદ્યાર્થીઓ જોડાઇ શકે તે માટે તેમને પ્રોત્સાહિત કરવાનો છે. આ સેશનમાં ISROના વૈજ્ઞાનિકો દ્વારા અવકાશ વિજ્ઞાનથી માનવને થતાં ફાયદા, ઈસરોના સફળ

ચંદ્રયાન -3, આદિત્ય L1 તથા ભવિષ્યમાં આવનાર સ્પેસ મિશન વિશે માહિતી આપવામાં આવશે.

આ કાર્યક્રમમાં કોઈ પણ વ્યક્તિ રજિસ્ટ્રેશન કરાવી ભાગ લઈ શકશે તથા અવકાશ વિજ્ઞાન ક્ષેત્રે મૂંઝવતા પ્રશ્ન અંગે વૈજ્ઞાનિકો દ્વારા જવાબ મેળવી શકશે. રજિસ્ટ્રેશન કરાવવા તથા વધુ માહિતી મેળવવા માટે મોબાઇલ નંબર ૯૯૭૪૮ ૫૮૧૬૧ પર સંપર્ક કરવો.

માહિતી ખાતુ

-----------------------------------------------------------------

## રાપર-ABP પ્રોગ્રામ

ભારત સરકારના નીતી આયોગ દ્વારા એસ્પિરેશનલ બ્લોક પ્રોગ્રામ(ABP) અંતગર્ત વિકાસશીલ તાલુકાઓમાં કુલ ૩૯ આયામો ઉપર સઘન ભાર મુકવામાં આવ્યો છે.

ગત તા.3થી આગામી તારીખ 9 ઓક્ટબોર સુધી “સંકલ્પ સપ્તાહ” અંતગર્ત રાપર ઘટક-૧ની કુલ ૧૨૫ આંગણવાડી અને રાપર ઘટક-૨ની કુલ ૧૨૯ આંગણવાડી કેન્દ્રોમાં “સંકલ્પ સપ્તાહ” ની ઉજવણી કરવામાં આવશે.

રાપર તાલુકા કક્ષાનો કાર્યક્રમ રાપર ઘટક-૧ના ચિત્રોડ-૧ સેજો, ચિત્રોડ-૩ આંગણવાડી કેન્દ્રમાં યોજવામાં આવ્યો હતો. પ્રોગ્રામ ઓફિસર દ્વારા પોષણ આહાર વિશે વિસ્તૃત સમજણ આપવામાં આવી હતી.

માહિતી ખાતુ

---

## મોટા યક્ષના મેળાનું સમાપન

ગુજરાતના બીજા નંબરના અને મીની તરણેતર એવા મોટા યક્ષના મેળાનું સમાપન થયું છે. આ મેળામાં લાખોની સંખ્યામાં સહેલાણીઓ આવ્યા હતા. મેળામાં મોટી સંખ્યામાં લોકો આવવાથી ધંધાર્થીઓનો સારો એવો વેપાર થયો હતો એક અંદાજ મુજબ પાંચેક કરોડનો મેળામાં વેપાર થયો હોવાનું જાણવા મળેલ છે. આ વર્ષે વરસાદ સારો પડવાથી લોકોમાં અનેરો ઉત્સાહ જોવા મળ્યો હતો. મેળા પ્રસંગે યોજાયેલા બખ મલાખડાને જોવા મોટી સંખ્યામાં લોકો ઉમટ્યા હતા. જેમાં વિજેતા પહેલવાનોને પુરસ્કાર આપી સન્માનિત કરાયા હતા.

પરેશ મારૂ

---

## માંડવી-પાંચોટિયા ગામ પશુ ચરિયાણ

માંડવી તાલુકાના પાંચોટિયા ગામ પશુ ચરિયાણમાં ચાર વર્ષથી આત્મનિર્ભર બની અન્ય ગામો માટે પ્રેરણાદાયી કાર્ય કર્યું છે.  65 એકર જમીનમાં દર વર્ષે ચોમાસાની સિઝનમાં જુવારનું વાવેતર કરાય છે. જેમાંથી પશુચરિયાણ માટે વર્ષભર ચાલે તેટલો ચારો નીકળે છે, આ વાવેતર ગૌચર જમીનમાં કરવામાં આવે છે. 500થી વધુ વૃક્ષોની વાવણી કરીને આ ગામ હરિયાળું બનાવવા માટેના પ્રયત્નો થઇ રહ્યા છે. આ કામગીરીમાં ગામના સરપંચ, આગેવાનો અને યુવાનો સહકાર આપી રહ્યા છે.

પરેશ મારૂ

---

## ICC વિશ્વકપ

ICC એક દિવસીય વિશ્વકપ ક્રિકેટ સ્પર્ધાનો અમદાવાદના નરેન્દ્ર મોદી સ્ટેડિયમ ખાતે આજથી આરંભ થયો છે. ઈંગ્લેન્ડે વર્લ્ડ કપની ઓપનિંગ મેચમાં ન્યૂઝીલેન્ડને જીતવા માટે 283 રનનો ટાર્ગેટ આપ્યો છે. અમદાવાદના નરેન્દ્ર મોદી સ્ટેડિયમમાં ટોસ હાર્યા બાદ પ્રથમ બેટિંગ કરતા ટીમે 50 ઓવરમાં 9 વિકેટે 282 રન બનાવ્યા હતા.

જો રૂટે 86 બોલમાં 77 રનની અડધી સદી ફટકાર્યા હતા, જ્યારે કેપ્ટન જોસ બટલરે 43 રન બનાવ્યા. કિવી ટીમ તરફથી મેટ હેનરીએ 3 વિકેટ ઝડપી. ગ્લેન ફિલિપ્સ અને મિશેલ સેન્ટનરને બે-બે વિકેટ મળી હતી. છેલ્લા મળતા સમાચાર મુજબ ન્યુઝિલેન્ડ 1 વિકેટ ગુમાવીને 11ના સ્કોર પર રમી રહી છે.

RNU અમદાવાદ

---

## ચોમાસાની વિદાય

નૈઋત્યના ચોમાસાએ જિલ્લામાંથી સત્તાવાર વિદાય લીધી છે જેની હવામાન વિભાગ દ્વારા સત્તાવાર જાહેરાત કરવામાં આવી છે. આગામી ત્રણ-ચાર દિવસમાં સમગ્ર રાજ્યમાંથી ચોમાસુ વિદાય લે તે માટેનો અનુકૂળ માહોલ બની ચૂક્યો છે. ચાલુ વર્ષે બિપોરજોય વાવાઝોડાંની અસર તળે કચ્છમાં આગોતરી મેઘવર્ષા થયા

બાદ 164 ટકા સરેરાશ વરસાદ નોંધાયો છે. 219 ટકા સાથે અંજાર રાજ્યમાં સરેરાશ વરસાદમાં મોખરે રહ્યું હતું.  સતત પાંચમું વર્ષ એવું રહ્યું છે કે, કચ્છમાં સો ટકાથી વધુ વરસાદ વરસ્યો છે. બિપોરજોય વાવાઝોડું અને તે પછી બંગાળની ખાડીમાં એક પછી એક સર્જાયેલી સિસ્ટમના લીધે જૂન અને જુલાઈમાં વિક્રમજનક વરસાદ વરસ્યો હતો.  તાલુકાવાર આંકડા જોઇએ
ભુજમાં 196.47, ગાંધીધામમાં 182.65, અબડાસામાં 182.96, મુંદરામાં 157.57, લખપતમાં 154.78, માંડવીમાં 147.96, રાપરમાં 139.03, નખત્રાણામાં 135.51, ભચાઉમાં 123 ટકા વરસાદ વરસ્યો છે.

પરેશ મારૂ

---------------------------------------------------------------------